
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ




પુસ્તક ૭૯ મું
અંક ૯
તા. ૨૫ જુન

અ ષા ઢ

વીર સં. ૨૪૮૯
વિ. સં. ૨૦૧૯
ઇ. સ. ૧૯૬૩


उदउल्लं बीयसंसत्तं, पाणा निव्वडिया महिं ।
दिया ताइं विवज्जेज्जा, राओ तत्थ कहं चरे ? ॥ ३ ॥

જમીન ઉપર પાણીની ભિનાશ હોય, જ્યાં ત્યાં બીઆં વેરાએલાં પડ્યાં હોય અને એ રીતે જમીન ઉપર જ્યાં ત્યાં કીડી, મંકોડી વગેરે જીવ-જંતુઓ ફરતાં હોય-એવી પરિસ્થિતિમાં દિવસે પણ હરી ફરી ન શકાય, તો રાત્રે તો એવે સ્થળે કેમ કરીને ચાલી શકાય ?

एयं च दोसं दट्ठुणं, नायपुत्तेण भासियं ।
सव्वाहारं न भुंजंति, निग्गंथा राइभोयणं ॥ ४ ॥

આ દોષને જોઇને ભગવાન જ્ઞાનપુત્રે કહેલું છે કે, નિર્ગ્રંથ મુનિઓ રાત્રીએ તમામ પ્રકારના આહારનો ત્યાગ જ કરે-રાત્રિભોજન ન જ કરે.

—મહાવીર વાણી


: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ : : વર્ષ ૭૯ મું : : વાર્ષિક લવાજમ ૫-૨૫ પોસ્ટેજ સહિત

# अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | ભવમંડપના નટની પ્રાર્થના .... | (બાલચંદ હીરાચંદ–સાહિત્યચંદ્ર) | ૭૭ |
| ૨ | શ્રી વર્ધમાન મહાવીર : લેખાંક–૫૦ .... .... | (સ્વ. મૌક્તિક) | ૭૮ |
| ૩ | સંતોનું સામર્થ્ય .... .... | (બાલચંદ હીરાચંદ-સાહિત્યચંદ્ર) | ૮૧ |
| ૪ | સિદ્ધ પરમાત્માઓની અવગાહના : ૨ | (પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ.એ.) | ૮૩ |
| ૫ | જિન દર્શનની તૃષા .... | (ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ–મહેતા) | ૮૭ |
| ૬ | શ્રી જૈન ધર્મ પ્રસારક સભા ભાવનગરનું સરવૈયું | | ટાઈટલ પેજ ૩ |


( અનુસંધાન ટાઈટલ પેજ ૪ થી શરૂ )

| | |
|---|---|
| ૫૫૭॥≈ | શ્રી શ્રાવક શ્રાવીકા ખાતે |
| ૫૪૭॥॥ | શ્રી પારેવાની જુવાર ખાતે |
| ૨૯૮॥– | શ્રી અંતરીક્ષજી પાર્શ્વનાથ પુસ્તક |
| ૮૭॥≈ | શ્રી લાભશ્રીજી મહારાજ |
| ૭)– | શ્રી ઉત્તમશ્રીજી મહારાજ |
| ૧૦૫) | શ્રી લાઇબ્રેરી ડીપોઝીટ |
| ૧૧૩૯॥≈ | શ્રી ભેટ ખાતાના |
| ૩૯૨॥≈ | શ્રી પસ્ચુરણ દેવા |
| ૮૩॥≈ | મેમ્બરોને દેવા |
| ૯૧૮૫૯॥≈ | |

| | |
|---|---|
| ૧૨૩૨॥≈ | શ્રી ભાડુતો પાસે બાકી |
| | ૨૮૫॥≈ વૃજલાલ દીયાળજી |
| | ૧૫૦) નવા ૧૩૫॥≈ (જુના) |
| | ૧૫૧) હરગોવીંદ દીયાળજી |
| | ૧૫૧) નવા |
| | ૧૭૦) ઇંદુલાલ કાન્તીલાલ (જુના) |
| | ૩૨૨) બચુ કાળા (જુના) |
| | ૫૫) ચુનીલાલ ભાણજી (જુના) |
| | ૪૦) નરોતમ હરજીવનદાસ (જુના) |
| | ૮૪) કનૈયાલાલ વેણીલાલ (જુના) |
| | ૧૨૫) જેઠાલાલ કુંવરજી |
| | ૧૨૫) નવા |
| | ૪૨૬) નવા ૮૦૬॥≈ (જુના) |
| ૧૮૯॥≈ | શ્રી સ્થાનિક મેમ્બરો પાસે બાકી |
| ૫૯)– | શ્રી બહારગામના મેમ્બરો પાસે |
| ૪૦૦૦૦) | શ્રી સભાનું મકાન નં. ૧ |
| ૧૦૦૦૦) | ,, ,, નં. ૨ |
| ૮૪૩૩≈ | શ્રી પુસ્તકોના સ્ટોકના |
| ૯૧૪૩૧॥≈ | |
| ૪૨૬॥≈ | શ્રી પુરાંત છે |
| ૯૧૮૫૯॥≈ | |

સામાયિકમાં વાંચવા માટે

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ

**જ્ઞાનસાર**-ગુજરાતી અનુવાદ સાથે અવશ્ય વાંચો


મૂલ્ય રૂપિયા ૨–૦–૦ લખો :— શ્રી જૈન ધ. પ્ર. સ.–ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી જૈન ધર્મ પ્રકાશ

| પુસ્તક ૭૯ મું<br>અંક ૯ | અશાડ | વીર સં. ૨૪૮૯<br>વિક્રમ સં. ૨૦૧૯ |
|---|---|---|

## ભવમંડપના નટની પ્રાર્થના !

[ મદિરા છંદ ]

જુજુઆ લેઈ વેશ અનંતા બહુરૂપી નટ નાટ્ય કર્યા,
કૃમિ કીટક ને નારક થઈને ઝટપટ બહુવિધ વેશ ધર્યા;
અનુક્રમે પંચેન્દ્રિય ધારી મન બુદ્ધિના છંદ વર્યા,
હે પ્રભુ ! મેં તો તારી આગળ રંગઢંગ પણ વિવિધ કર્યા. ૧

ભૂચર ખેચર ને વળી જલચર વેશ ધર્યા મેં વિશ્વમહી,
કડવા મીઠા અનુભવ કીધા ભેગા મેં બહુ દુ:ખ સહી;
ભાર વહ્યો પશુ રૂપ લેઈ મેં સહ્યો માર બહુ પ્રતોદનો,
પરવશ દોડ્યો પડ્યો ભૂમિપર આથડીઓ છું અહો ઘણો. ૨

લખ ચોરાશી વેશ ધર્યા મેં કાળ અનંતો વહી ગયો,
માનવનો એ વેશ ધારતા હતબલ આજે થઈ રહ્યો;
વિવિધ એહવા વેશ અનંતા નટ નાટકના ધર્યા સહી,
થાકીને હું તવ ચરણોમાં અરજ કરૂ છું ઉભો રહી. ૩

રીઝયો હો જો જોઈ મારા વેશો હે જગદીશ પ્રભો !
તો શાની તું રહા જુએ છે સત્વર [illegible] દે નાથ વિભો !
હવે કૃપણુતા કેમ દાખવે દાન આપતા મુજ નટને ?
ઝટપટ કર છુટકારો મારો દાન દેઈ કર મુક્ત મને. ૪

જો નહીં રીઝયો હોય પ્રભુ તું મમ નાટક જોઈ મનમાં,
દયાનિધે જગદીશ કૃપાળુ એમ કહી દે વચનોમાં;
આજ્ઞા કર તું ફરી ન લેવા વેશ કદી ભવમંડપમાં,
તારી આગળ કોઈ ન ઉચરે એક શબ્દ પણ આ જગમાં. ૫

રહે હાથ જો પ્રભો ! તાહરો મુજ જેવા હતભાગ્ય શિરે,
વાર ન લાગે નાટ્ય મૂકતા સ્હેજે એ ભવસિંધુ તરે;
લવ પણ લાધે તવ કૃપાનો જો મુજ જેવા પામરને,
બાલેન્દુનું કામ સરે કરવું ન પડે ફરી નાટકને. ૬

( કવિ-સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

લેખાંક : ૫૦

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

### નંદનઋષિની આકરી તપસ્યા :

આચાર્યમહારાજની સીધી નિશ્રા નીચે નંદનમુનિએ શરૂઆતથી આકરું દેહદમન શરૂ કરી દીધું. રેશમી તળાઈવાળા છત્રીપલંગમાં પોઢનાર પ્રથમ દિવસથી ભૂમિ પર શયન કરે, ચાખડી કે ઉપાનહ વગર જમીન પર પગ ન મૂકનાર ઉઘાડે પગે ચાલે, શીઘ્રયાન ઘોડેસ્વારી કે મ્યાના–પાલખીમાં બેસનાર પગપાળા ચાલે, બત્રીશ ભોજન તેત્રીશ શાખ જમનાર નિરસ શુષ્ક આહાર શરીરને ટકાવવા પૂરતો લે. પૂરના પ્રકાશમાં હાંડી ઝુમર નીચે રાજસભા ભરનાર રાત્રે અજવાળાંના પ્રકાશથી દૂર રહે અને બોલતી વખત પણ ઉપયોગ રાખી મુખ આડી વસ્ત્રિકા ધરે–એ બાહ્ય ત્યાગને જોઈ લોકોને ભારે આશ્ચર્ય લાગે; રાજવૈભવમાં માણેલા, પાણી માગે ત્યાં દૂધ મળે એ જાતની પરિસ્થિતિમાં જન્મેલા અને ઊછરેલા અને સેંકડો નોકરો જેનો હુકમ સાંભળવા અને ઝીલવા તૈયાર અને હાજર હોય તે પોતાને ખાવા માટે ઘેરઘેર ભિક્ષા માગવા જાય, તીજોરીમાં અઢળક ધનનો માલિક પોતાની પાસે એક પાઈ પણ ન રાખે, મહામૂલ્યવાન વસ્ત્રો પહેરનાર જીર્ણ પ્રાય વસ્ત્ર ઓઢે અને શરીર શુશ્રૂષા કે દેહ પાલનનો વિચાર સરખો પણ ન કરે એ હકીકત નજરે જોનાર મુગ્ધ થઈ જતા હતા.

આ તો બાહ્ય ત્યાગની વાત થઈ, પણ અંતરંગ ત્યાગમાં મનોવિકાર પરનું સામ્રાજ્ય અને કષાયનો વિજય તો નંદનમુનિનો ખરેખર અદ્‌ભુત હતો. એનામાં દીનતા કે શોકનું નામ નહિ, અભિમાનની છાયા નહિ, દંભ દેખાવનો છાંટો નહિ અને ક્રોધ પરનો તેનો વિજય તો ખરેખર અદ્‌ભૂત હતો. એણે પોતાની આસપાસ ઉપશમ અને શાંતિનું જે વાતાવરણ જમાવ્યું અને ફેલાવ્યું હતું તે જોતાં એને માટે સહજ રીતે અંદરથી લાગણી થયા વગર રહે તેમ નહોતું. દીક્ષાના પ્રારંભથી જ આ રીતે નંદનમુનિમાં બાહ્ય અને અભ્યંતર ત્યાગનો મહિમા દેખાતો થઈ ગયો. એના પૂર્વ પરિચયમાં બીલકુલ ન હોય તેવો માણસ એ પૂર્વકાળમાં રાજા કે રાજવૈભવી હશે એવી વાત કલ્પી કે માની શકે નહિ એવો મોટો ફેરફાર નંદનમુનિમાં થઈ ગયો હતો. એ જાણે ત્યાગમય જ હોય, જાણે ત્યાગની સાક્ષાત્ મૂર્તિ જ હોય, ત્યાગ જાણે એનામાં જન્મથી જ હોય, એવા સહજ સ્વરૂપે એ મહાન ભવ્ય ત્યાગી બની ગયા અને એમની ઇચ્છા કે પ્રચાર પ્રેરણા વગર એમની ખરા ત્યાગી તરીકેની નામના દુનિયામાં ચાલુ થઈ ગઈ.

અને નંદનમુનિ જે ખરેખરા રાજર્ષિ હતા તેનો તપ તો કોઈ ભારે અદ્‌ભૂત આકરો અને વિચારમાં નાખી દે તેવો ભવ્ય હતો. જૈન ધર્મનાં પુસ્તકોના બે મોટા વિભાગ[1] પાડી શકાય: એક તત્ત્વજ્ઞાન–દ્રવ્યાનુયોગ અને બીજો ચારિત્ર ધર્મ–નીતિ વિભાગ. તત્ત્વજ્ઞાનમાં આત્મા, આત્માનો કર્મ સાથે સંબંધ, આત્માની મુક્તિ વગેરે વાતો આવે, ત્યારે નીતિ વિભાગમાં કર્મથી સર્વથા મુક્તિ મેળવવા માટેનાં સાધનોની હકીકત હોય, આ ચરણકરણાનુયોગમાં ચારિત્ર અને ક્રિયાની રૂપરેખા બતાવવામાં આવેલી હોય છે અને સાધન ધર્મોમાં એટલી વિવિધતા હોય છે કે જે સાધન ધર્મ પોતાને લાભદાયક જ જણાય તેનો ઉપયોગ કરવો. એમાં માર્ગાનુસારીના ગુણોથી માંડીને દ્રવ્યશ્રાવક ભાવશ્રાવક દ્રવ્યસાધુના તથા ભાવસાધુના જીવન પ્રવાહો વર્ણવવામાં આવે અને તેને લગતી ચર્ચા અને ક્રિયાને લગતી વિગતો આપવામાં આવે.

---

૧ અહીં કથાનુયોગ અને ગણિતાનુયોગની વાત કરી નથી. એ અનુયોગો અલગ છે, અલગ પાડી શકાય તેવા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમાં સમ્યક્ત્વ એ શી વસ્તુ છે, એના રૂપકો અને આદર્શો કેવાં હોય વગેરે અનેક લાક્ષણિક વાતો આવે, કર્મગ્રહણ થવાનાં માર્ગોની ચોખવટ હોય, એમાં આવતાં કર્મોને અટકાવવાની ચાવીઓ હોય, એમાં શ્રાવકનાં બાર વ્રત હોય, સાધુના પાંચ મહાવ્રતની વિવક્ષા હોય અને એનાં દશ યતિધર્મો બાર ભાવના પાંચ ચારિત્ર વગેરે આત્માને આનંદ ઉપજાવે તેવા ખૂબ વિષયોની ચર્ચા હોય.

આ ચરણકરણાનુયોગની વાતો એટલે તો આખું જૈનશાસ્ત્ર. એનો સામાન્ય ખ્યાલ કરવા માટે પાયાના ત્રણ શબ્દો વાપરવામાં આવ્યા છે. એ આખા ચરણ કરણાનુયોગની ચાવી છે, એનો વિચાર પૃથક્કરણપૂર્વક કરતાં આખો ચરણકરણાનુયોગ સમજાઈ જાય છે અથવા તેના મુદ્દા હસ્તગત થઈ જાય છે. એ ચાવીના ત્રણ શબ્દો દશવૈકાલિક સૂત્રની પ્રથમ ગાથામાં બતાવ્યા છે તે આ રહ્યાઃ **અહિંસા, સંયમ અને તપ.** આ ત્રણ શબ્દોમાં કેન્દ્રિત થયેલ ચરણકરણાનુયોગ નંદનમુનિએ જાણી લીધો અને તેને ખૂબ પ્રગત કર્યો, સ્વીકાર્યો અને સહ્યો. એમણે જે મહાન તપ કર્યો તેનું વર્ણન વાંચતાં રોમાંચ ખડાં થઈ જાય તેવી વાત છે. એમના તપનો ખ્યાલ આપવા માટે એક જ હકીકત બસ થઈ પડશે. એમ નોંધવામાં આવ્યું છે કે એમણે ૧૧,૮૦૪૯૫ માસખમણ કર્યાં. ગ્રંથાન્તરમાં એની સંખ્યા ૧૧,૮૦૬૪૫[1] બતાવી છે. માસખમણ એટલે માસના–ત્રીશ દિવસના ચાલુ ઉપવાસ પારણામાં લુખોપાખો મળે તેવો આહાર રસગૃદ્ધિ વગર લેવો અને પાછો તે પછી માસખમણ ચાલુ કરી દેવો. આવાં માસખમણ એમણે ઉપરની સંખ્યામાં કર્યાં. આવું દેહદમન કરવામાં તેમણે પોતાની પ્રવૃત્તિ આદરી દીધી, ત્યારે સાથે જ્ઞાન અભ્યાસ ઉપર ખૂબ ચીવટથી ધ્યાન આપ્યું, તપ સાથે શાંતિ રાખવાનો તેમણે ભવ્ય દાખલો બેસાડ્યો. તપ સાથે જો ક્રોધ ભળે તો તપનું અજીર્ણ થઈ જાય છે અને મહાન દેહદમનનો લાભ પૂરતો મેળવી શકાય નહિ. નંદનમુનિ તો ભવ્ય તપસ્યા સાથે સમતાનો નમુનો હતા, દીર્ઘ તપસ્વી હોવા સાથે અથંગ અભ્યાસી હતા, ભારે ચાલુ ઉપવાસ કરનાર હોવા છતાં સતત વિહાર કરનાર હતા. આવી ભવ્ય દીર્ઘ તપસ્યામાં તેમણે મનોનિગ્રહ ચાલુ રાખ્યો, કોઈજાતનું અભિમાન ન થઈ જાય તેની ચીવટ રાખી અને માયા કે દંભ કપટનો પ્રસંગ આવવા ન દીધો. આવી રીતે બાહ્ય અને અભ્યંતર તપમાં એમણે દીર્ઘકાલ પસાર કરી પોતાનો વિકાસ ખૂબ વધારી દીધો.

**વીશ સ્થાનક આરાધન :**

અતિ વિશિષ્ટ દેહદમન, આકરો તપ યોગ અને વિશુદ્ધ ક્રિયાપાલન સાથે એમણે જ્ઞાનનો અભ્યાસ અને સૂત્રાને પકડી સમજી લેવાની શક્તિ પ્રાપ્ત કરી. એમના જ્ઞાનક્રિયાના સહયોગમાં એમની વીશ સ્થાનકની આરાધના ખૂબ ધ્યાન ખેંચે તેવી છે. આ વીશ સ્થાનકોની આરાધના ખૂબ સમજવા યોગ્ય છે. એમાં જ્ઞાન અને ક્રિયાનો સહયોગ થાય છે અને એની આરાધના અંતરના રાગ અને રંગ સાથે થાય તો પ્રાણી તીર્થંકર નામકર્મ બાંધે છે. આ વીશ સ્થાનકોનું વર્ણન અને આરાધના પદ્ધતિનો વિસ્તાર અન્યત્ર કરવામાં આવ્યો છે. એ વીશ સ્થાનકોનાં નામના સ્મરણ માત્રથી પણ આનંદ અને વીર્યોલ્લાસ થાય તેમ છે. એમાં જ્ઞાન ક્રિયા ધ્યાન અને એકાગ્રતાનો અસાધારણ સહયોગ છે, અને એ સર્વ પદોની સમજણપૂર્વક ઔચિત્ય જાળવીને આસેવના કરે તે તીર્થંકર પદ પ્રાપ્ત કરે એમાં નવાઈ જેવું નથી.

પ્રત્યેક મુમુક્ષુએ આ વીશ સ્થાનકોને બરાબર ઓળખવા જેવાં છે, ઓળખીને સમજવા–પચાવવા જેવાં છે અને સમજીને અનુકૂળતા પ્રમાણે આદરવા જેવાં છે. એના સંબંધમાં સકળચંદજી ઉપાધ્યાય અને શ્રી આત્મારામજી મહારાજે પૂજાઓ બનાવી છે ત્યાં પણ એ સ્થાનોની મહત્તા સમજાવવા અને

૧ સત્તાવીશ ભવના સ્તવનની ચોથી ઢાળ.

For Private And Personal Use Only

બહાર લાવવા સારો પ્રયત્ન કર્યો છે. તીર્થંકર થનાર પ્રત્યેક પ્રાણી તીર્થંકરના ભવની અગાઉના ત્રીજા ભવે આ વીશે સ્થાનકનું આરાધન કરે છે, આરાધન કરે છે એટલે એ પદમાં રમણ કરે છે, એનો અમલ કરે છે, એ પદમય બની જાય છે અને તે વખતે તીર્થંકર થવા યોગ્ય શુભ કર્મો એકઠાં કરે છે અને ત્યાર પછી એક ભવ કરી ત્રીજે ભવે તીર્થંકર થાય છે. તીર્થંકર એટલે આત્મનિમજ્જન કરનાર, અનેક પ્રાણીને મોક્ષ સન્મુખ કરનાર અને વિશ્વમાં-પોતાના પ્રદેશમાં ધર્મતીર્થ પ્રવર્તાવનાર મહાન વ્યક્તિ આવા તીર્થંકર પદને પ્રાપ્ત કરાવનાર વીશ સ્થાનકોની નંદનમુનિએ પ્રેમપૂર્વક હૃદયની શુદ્ધિ સાથે અને વીર્યોલ્લાસથી આરાધના કરી, આસેવના કરી અને તેના પરિણામે તીર્થંકર નામકર્મ બાંધ્યું.

મહાન શાસ્ત્રકારો તો ત્યાં સુધી કહે છે કે વીશમાંના કોઇ પણ એક પદની આરાધના બરાબર કરવામાં આવે તો પ્રાણી તીર્થંકર નામકર્મ બાંધી શકે છે. એટલે પ્રત્યેક સ્થાનની આટલી મહત્તા છે. નંદનમુનિએ તો વીશે સ્થાનનું આરાધન કર્યું અને પોતાનો આત્મવિકાસ જે ત્રિપૃષ્ટના ભવમાં બગાડી નાખ્યો હતો અને સિંહના ભવમાં ડખોળી નાખ્યો હતો તે પાછો સુધારી રસ્તા પર આણી દીધો અથવા હતો તે કરતાં પણ ખૂબ આગળ બહલાવી દીધો. આવાં વીશે સ્થાનકોને બરાબર સમજવાની પ્રત્યેક મોક્ષાર્થીની ફરજ છે. આ વીશ સ્થાનકોના વિસ્તારમાં તો પુસ્તકો ભરાય તેટલી વિગતો છે, અને અન્યત્ર ઉદ્દેશમાં તો માત્ર તેનો નામનિર્દેશ જ કર્યો છે અને સાથે અતિ સંક્ષિપ્ત જરૂરી વર્ણન વિવેચન કરેલ છે. એના પર વિચાર કરવામાં આવશે ત્યારે એ સ્થાનકની આરાધના પ્રાણીને તીર્થંકર કેમ બનાવી આપે તે સમજાઇ જાય તેવું છે. કેટલાંક સ્થાનકો પૂજ્યના આદર્શને રજૂ કરનાર છે, કેટલાક ગુણની પૂજા સૂચવનાર છે અને છેલ્લું તીર્થપ્રભાવના તો ખરેખર તીર્થંકર નામકર્મનો ખ્યાલ કરાવે તેવું પ્રતીક છે. આઠ પ્રકારના પ્રભાવકમાંનો કોઇ પણ વિકાસ પામતાં તીર્થંકર થાય તેમાં નવાઈ નથી. આ વીશ સ્થાનક પર ખૂબ વિચારણા કરવા વિજ્ઞપ્તિ છે, એમાં આદર્શનો ભવ્ય ખ્યાલ આવે છે, એમાં વિકાસમાર્ગનો રસ્તો સાંપડે છે અને એમાં વિકાસ પામતા જૈનત્વની કેવી ઉત્કટ ભૂમિકા હોય તેના માનસિક ચિત્રો ચિત્રપટની માફક એક પછી એક ચાલ્યા આવે છે. (ચાલુ)


— પ્રસિદ્ધ થઈ ગયું છે. હવે ફક્ત થોડીક જ નકલો શીલીકે છે —

## ચોસઠ પ્રકારની પૂજાઓ અને કથાઓ સહિત

આ પુસ્તક પ્રસિદ્ધ થતાં જ તેની નકલો ચપોચપ ઉપડી રહી છે. આ જાતનું પ્રકાશન ઘણાં વર્ષો પછી થયેલ છે એટલે આપે આપની નકલ તરત જ મગાવી લેવી.

આ પુસ્તકમાં શ્રી નવપદજીની ઓળીમાં આઠે દિવસ ભણાવવાની પૂજાઓનો સુંદર અને હૃદયંગમ ભાષામાં સ્વ. શ્રીયુત કુંવરજી આણંદજીએ લખેલ અર્થ આપવામાં આવેલ છે જેથી પૂજાનો ભાવ સમજવામાં ઘણી જ સરલતા અને સુગમતા રહે છે. આ પૂજાઓમાં આવતી પચીશ કથાઓ પણ સરલ ભાષામાં આપવામાં આવી છે જેથી પુસ્તકની ઉપયોગિતામાં ઘણો જ વધારો થયો છે. શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા પણ અર્થ સાથે આપવામાં આવી છે.

ક્રાઉન સોળ પેજી આશરે ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂ. ત્રણ રાખવામાં આવેલ છે.

પોસ્ટેજ ૭૫ નવા પૈસા. લખો:-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંતોનું સામર્થ્ય !

(લેખક : સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ)

જુદા જુદા ધર્મપ્રવર્તકોએ પોતાની પૂર્ણતા મેળવવા માટે કે આત્મસાધનાને યોગ્ય માર્ગે આગળ ધપાવવા માટે જુદા જુદા યોગોની સાધનાનું અવલંબન લીધેલું હોય છે. કોઇ જ્ઞાનયોગની સાધના આગળ ધપાવી પોતાનું કાર્ય આગળ ધપાવે જાય છે, તો કોઈ ત્યાગમાર્ગે એટલે સંન્યાસની સાધનાથી પોતાનું સાધ્યબિંદુ આત્મસાત્ કરી જાય છે. કોઇ તો કર્મની આચરણાથી જ ધીમે ધીમે આત્માનું ત્રાકટ્ય કરી ધ્યેયની પાસે જઈ પહોંચે છે. આ બધી સાધના કરતા પોતાની દેહબુદ્ધિ ભૂલી જઈ આત્મબુદ્ધિ કેળવવા માટે ઇશ્વરમય થવા માટે ઇશ્વરનું ચિંતન મનન અને નિદિધ્યાસન કરી ભક્તિમાં લીન થવા માટે પ્રભુ આગળ પૂરી શરણાગતિ સ્વીકારી સમર્પણાથી પોતે આત્માને અને પરમાત્માને એકરૂપ કરવાનો અખંડ પ્રયત્ન કરે જાય છે. માર્ગો જો કે ભિન્ન ભિન્ન જણાય છે, છતાં બધાઓનું સાધ્યબિંદુ તો એકજ છે, એ દરેક યોગી પોતાના માર્ગે સાધ્ય મેળવી જ જાય છે.

આપણે મુંબઈથી કલકત્તે જવાનું હોય તો કોઈ પગે ચાલી જાય, કોઈ બળદના ગાડામાં બેસી જાય, કોઈ બાઇસિકલનો પ્રવાસ કરે, કોઈ મોટરથી જાય, કોઈ રેલવેથી પ્રવાસ કરે, અને હાલમાં તો આકાશ માર્ગે પણ કોઈ પહોંચી જાય ! માર્ગો ભલે ભિન્ન ભિન્ન હોય, તેમાં થતા પરિશ્રમો ભલે વધુ ઓછા હોય, અને કાલાવધિ વધુ ઓછો થાય પણ બધાઓનુ ધ્યેય કે સાધ્યબિંદુ તો એકજ હોવાથી છેવટે બધા યશસ્વી તો થવાના જ એમાં શંકાને કાંઈ કારણ નથી.

આમ બધુ સીધેસીધુ જણાતું હોય તો પછી વિસંવાદ ક્યાં છે ? અડચણ એટલી જ છે કે, માર્ગ સાચો હોવો જોઇએ. જ્ઞાનીઓએ ચીંધેલો હોવો જોઇએ. અને એ માર્ગે જઈ યશસ્વી થએલ અનુભવીનો હોવો જોઇએ. અન્યથા માર્ગમાં ભૂલા પડવાનો સંભવ ઘણો હોય અને ખોટા માર્ગે જઈ સંકટમાં પડવાનો સંભવ પણ ઘણો હોય છે. માર્ગે જેને જવુ છે તેણે સાચો માર્ગ પહેલા જાણી લેવો જોઇએ, પ્રવાસનું સાધન પાકુ અને નિર્દોષ છે કે કેમ તેની તપાસ પણ કરવી જોઇએ. તેમજ પોતાના પ્રવાસમાં આવનારી સંભવિત અડચણોનો પણ વિચાર કરી લેવો જોઇએ, તેમજ પ્રવાસમાં અત્યંત ઉપયોગી એવુ સાહિત્ય પોતાની પાસે તૈયાર રાખવું જોઇએ. અન્યથા સંકટ પરંપરાનો જ સામનો કરવો પડશે.

એ ઉપરથી સિદ્ધ થાય છે કે, દરેક વ્યક્તિ દીઠ માર્ગની ભિન્નતા હોય તો પણ સાધ્ય તો એક જ હોય. તેથી બધા જ સહપ્રવાસી થઈ શકે છે. અને એ બધા એક જ વસ્તુના અભિલાષી છે તેથી ધર્મબંધુ માની શકાય તેમ છે, દરેક માણસની બુદ્ધિ અને ધારણાશક્તિ સરખી હોતી નથી. કોઇ પ્રખર બુદ્ધિનો ધણી હોય ત્યારે બીજો મૃત્પિંડ જેવો જડ બુદ્ધિવાળો હોઇ શકે, કોઇને જ્ઞાન ભણવાની તાલાવેલી હોય અને ભણવા માટે અનેક અવરોધોનો સામનો પણ કરે, ત્યારે બીજાને ભણવાનું કહેતા એને દુઃખ લાગે કોઇને ઉપવાસ આયંબિલ કે ઉણોદરી કરતા આનંદ આવે ત્યારે બીજાને ઘડીવાર પણ ભૂખ વેઠવી પડે તો દુઃખ ઉપજે, કોઇને ક્રિયાકાંડ અને અનુષ્ઠાનોમાં રસ પડે ત્યારે બીજાને ક્રિયાકાંડ એ નિરસ અને નિરૂપયોગી લાગે. એક જ વસ્તુ બધાઓને સરખી રીતે ગમી જ જાય એ સંભવિત પણ નથી. એ બધાઓનો આધાર પૂર્વાર્જિત ક્ષયોપશમ ઉપર જ છે. રૂચિભિન્નતા ભલે હોય તો પણ જ્યાં



For Private And Personal Use Only

સુધી ધ્યેય બધાઓનું એ એક જ છે ત્યાં સુધી બધાએ સહપ્રવાસી જ ગણાવા જોઇએ. બધાઓને ભવભ્રમણનો કંટાળો આવેલો હોય અને તેથી છુટા થવાની તાલાવેલી જાગેલી હોય તો ભિન્ન માર્ગે પણ આજ નહીં તો કાલે પણ એ મુક્ત થયા વિના રહેવાના નથી.

હું જે માર્ગે જઇ રહ્યો છું એ જ માર્ગે બધાઓ જાય તો જ મુક્ત થવાના, નહીં તો નહીં એવો એકાંત આગ્રહ રાખવો અને બધાઓને અજ્ઞ અને ભાન ભૂલેલા માનવા એ તો અજ્ઞાનજન્ય કલ્પના જ છે.

એક કર્મમાર્ગે આત્મસાધના કરનારો કર્મમાર્ગી યોગી કહેવા માગે કે, અમો જનતાનો સંપર્ક સાધી તેમને જન્મસાફલ્યનો માર્ગ બતાવીએ છીએ. લોકસંગ્રહ કરી તેમનું ઐક્ય સાધી તેમને માર્ગદર્શન કરી કર્મમાર્ગે આગળ ધપાએ છીએ. અમને તો આ બોલાવે ને પેલા બોલાવે. અમારા ઉપદેશથી લોકો પ્રભાવિત થાય છે. અને અમારા ભક્તો વધે જ જાય છે. એથી અમારાથી ઘણાઓના આત્માઓનું કલ્યાણ થઇ શકે છે, ઘણાઓ ધર્મ-માર્ગે વળે છે, તેથી અમારો કર્મયોગનો માર્ગ આચરવા લાયક છે.

જે યોગી કર્મનો જ સન્યાસ કરી મુંગે મોઢે ધ્યાન ધારણા ઉપાસના કરી આત્મચિંતનમાં મગ્ન રહે છે, નથી કોઇની સાથે ઝાઝું બોલતા કે નથી લોકોમાં ભળી જઇ તેમનો સંપર્ક સાધતા, તેવા યોગીઓનો જગતને શું ઉપયોગ હોઈ શકે ? તેઓ વ્યક્તિશઃ પોતાનું આત્મકલ્યાણ ભલે સાધી મુક્ત થઈ જાય પણ તેઓ લોકો ઉપર કેવી રીતે ઉપકાર કરી શકે ? આ તો એકાંતે સ્વાર્થની જ સાધના થઈ, એમાં પરમાર્થ ક્યાં છે ? એવી એવી તો અનેક ત્રુટીઓ બતાવી શકાય તેમ છે, પણ ધ્યાનમાં રાખવું જોઇએ કે એમાં એકાંત આગ્રહ જ છે. ઊંડો વિચાર નથી. અને મૂક ધ્યાનધારણા કે વિચારમંથનમાં કેટલી શક્તિ સમાએલી હોય છે તેનો વિચાર નથી !

આપણે જોઇએ છીએ કે, જડ વસ્તુનું હલન-ચલન મર્યાદિત હોય છે, પણ વસ્તુ જેમ જેમ વધુ સૂક્ષ્મ હોય છે તેમ તેમ તેનું ચલન વધુ વેગવાન હોય છે અને તે વધુ ને વધુ પ્રદેશ વ્યાપ્ત કરી શકે છે. ગંધ હવામાંથી દૂર દૂર સુધી પ્રસરે છે, તેમ ધ્વની કાંઈક ઓછા વેગથી પ્રસરે છે, પણ પ્રકાશનો વેગ અત્યંત પ્રચંડ હોય છે. એકાદ મિનિટમાં તો તે લાખો માઇલનો પ્રવાસ કરી ઘણો મોટો પ્રદેશ આક્રમણ કરી જાય છે. એ થઇ બધી સ્થૂલ અને પ્રત્યક્ષ અનુભવાતી વસ્તુઓની વાત. પણ અતીંદ્રિય વિચારધારાનો વેગ અને તેનું કાર્ય કેવું હોય તેનો વિચાર કરતા સંત યોગી–મહાત્માઓની ધ્યાન ધારણાથી કેવુ કાર્ય નિષ્પન્ન થાય છે તે આપણા ધ્યાનમાં આવતા વાર નહીં લાગે.

આપણે એકાદ બંધ ઓરડામાં બેસી વિચારણા કરીએ અને ધારી લઇએ કે, આપણા વિચારો કોઇએ સાંભળ્યા નથી. અને તેથી એ વિચારો કોઇએ જાણ્યા નથી. અને તે વિચારોની કોઈ અસર નીપજી જ નથી તો આમ માનવામાં આપણે ભીંત ભૂલીએ છીએ, વૈખરી ભાષાના પુદ્‌ગલો આજુ-બાજુના વાતાવરણમાં ફેલાઈ ધારેલી સારી કે માઠી અસર નીપજાવે છે, તેમ વિચારોના પુદ્‌ગલો પણ પોતાની અસર નીપજાવ્યા વગર રહેતા જ નથી જડ શબ્દો હાલમાં પકડી રખાય છે. અને રેડીઓ યંત્રદ્વારા આખાં પૃથ્વીમાં ગુંજિત કરી શકાય છે, એ વસ્તુ તો હવે બાળકો પણ જાણે છે, અનુચ્ચારિત સૂક્ષ્મ વિચારધારાની શક્તિ તો જડ શબ્દો કરતા ઘણા મોટા પ્રમાણમાં મોટી છે. અને તેની અસર પણ મોટા પ્રમાણમાં થઈ શકે તેમ છે. તેને લીધે સાધકયોગીઓ ભલે પર્વતોની ગુફામાં લોકોથી દૂર એકાંતમાં જઇ વિચાર કરતા હોય અને એમની ધ્યાનધારણા ગુપ્ત રીતે ચાલતી હોય તો પણ તેની અસર જગત ઉપર થયા વિના રહેતી નથી. એ ઉપરથી સિદ્ધ થાય છે કે, જ્ઞાની મહાત્માઓ મુંગા રહી જપ દ્વારા જે વિચારધારા પેદા કરે છે તેની અસર અને ઉપકાર લોકો ઉપર થયા જ કરે છે,

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સિદ્ધ પરમાત્માઓની અવગાહના

[ લેખાંક ૨ ]

લે. પ્રો. **હીરાલાલ ર. કાપડિયા** એમ. એમ.

સિદ્ધ પરમાત્માઓની અવગાહના વિષેના [1]આગમિક ઉલ્લેખો આપણે લેખાંક ૧ માં વિચારી ગયા. આ લેખાંક "જૈન ધર્મ પ્રકાશ" (પુ. ૭૯, અં. ૬-૭) માં છપાયો છે એમાં કોઈ કોઈ મુદ્રણદોષ જોવાય છે. એ બધાની શુદ્ધિ દર્શાવવાની જરૂર નથી. એટલે પૃ. ૫૭ના બીજા સ્તંભ ( કોલમ )માં **ઉત્તરજઝમહા** પછી **ઓવવાઇય** ઉમેરવાનું સૂચન બસ થશે.

આ લેખાંક ૨માં આપણે અનાગામિક કૃતિઓ--શ્વેતાંબરીય તેમ જ દિગંબરીય વિચારીશું.

વિદ્યાવારિધિ ઉમાસ્વાતિએ **તત્ત્વાર્થાધિગમ-સૂત્ર** રચ્યું છે. એના દસમા (અંતિમ) અધ્યાયમાં નીચે મુજબનું જે [2]છેલ્લું સૂત્ર છે તેમાં 'અવગાહના' ( અવગાહન ) વિષે બાંધિભારે ઉલ્લેખ છે:—

' क्षेत्रकालगतिलिङ्गतीर्थचारित्रप्रत्येकबुद्धबोधित-ज्ञानावगाहनाऽन्तरसङ्ख्याऽल्पबहुत्वतः साध्याः ।"

આ ઉલ્લેખના સ્પષ્ટીકરણાર્થે હું **ત૦ સૂ૦** નાં નિમ્નલિખિત વિવરણો વિચારીશ:—

(૧) ત૦ **સૂ૦** નું ભાષ્ય [3]

(૨) **સિદ્ધસેનગણિએ** સભાષ્ય **ત૦ સૂ૦** ઉપર રચેલી ટીકા.

(૩) **યાકિનીના** ધર્મપુત્ર **હરિભદ્રસૂરિએ** શરૂ કરેલી અને અન્ય મુનિવરોએ પૂર્ણ કરેલી ટીકા.

(૪) દેવનંદિએ યાને પૂજ્યપાદે રચેલી **સર્વાર્થસિદ્ધિ**.

(૫) **અકલંકભટ્ટનું તત્ત્વાર્થરાજવાર્તિક** અને એનું સ્વોપજ્ઞ વિવરણ.

(૬) વિદ્યાનંદ કૃત **તત્ત્વાર્થ** શ્લોક વાર્તિક અને એનું સ્વોપજ્ઞ વિવરણ.

(૭) શ્રુતસાગર કૃત **તત્ત્વાર્થ**વૃત્તિ.

આ પૈકી પહેલી ત્રણ કૃતિઓના રચનાર શ્વેતાંબર મુનિવરો છે, જ્યારે બાકીની ચારના દિગંબર છે. ભાષ્યમાં અવગાહના વિષે નીચે મુજબ ઉલ્લેખો છે:

૧. વિશેષ માટે જુઓ **આવસ્સયની** નિજ્જુત્તિ (ગા. ૯૭૪) અને એને અંગેની હારિભદ્રીય અને મલયગિરીય ટીકાઓ.

૨. શ્વેતાંબરોના મતે આ સૂત્ર સાતમું છે, જ્યારે દિગંબરોની માન્યતા અનુસાર એ નવમું સૂત્ર છે.

૩. શ્વેતાંબરો તેમ જ કેટલાક દિગંબરો અને ડો **યાકોબી** વગેરે અજૈન વિદ્વાનો આ ભાષ્યને ' સ્વોપજ્ઞ ' એટલે કે ઉમાસ્વાતિનું જ રચેલું માને છે.

---

એટલે કર્મસન્યાસીઓ લોકોનું કાંઈ ભલુ કરતા નથી હોતા એ કલ્પના અજ્ઞાનજન્ય મૂર્ખપણાની છે, એમાં શંકા નથી.

પ્રભુ મહાવીર ગૌતમાદિ ઋષિઓની મનની શંકા વગર ઉચ્ચારેલા શબ્દોથી પણ જાણી જાય તે કોઈ જાદુ અગર અદ્‌ભુત ચમત્કાર નથી. પ્રભુ મહાવીરે પોતાના મનને કેળવી તેને પોતાના તાબે કરી લીધેલું હતું. તેથી તેમના મનની અસર અને શક્તિ સર્વગામી થએલી હતી. આપણું મન તદ્દન નાનું અને સ્વચ્છંદી વર્તન કરનારૂ હોવાને લીધે આપણે ભલે એ ચમત્કાર માનીએ પણ એ ધ્યાનમાં રહેવું જોઇએ કે એ પ્રભુની ધ્યાનધારણા અને મનોનિગ્રહનું પરિણામ હતું. એવી હોય છે યોગીઓના વિચારધારાની શક્ત ! એ વિચારધારા જેટલા પ્રમાણમાં અભિશુદ્ધ અને પરિણત અવસ્થાએ પહોંચેલી હોય તેવી તેની વધારે શુદ્ધ અને દીર્ઘ અસર ઉપજાવી શકે એ સ્પષ્ટ છે.

આપણે સામાન્ય રીતે પણ જોવામાં આવે છે કે જેઓ વધુ જ્ઞાની અને વિચારક હોય છે તેના બોલવાની અસર બીજાઓ કરતા વધુ થાય છે. તેમ તેની મુંગી પણ શુદ્ધ આચરણાની સારી અસર નિપજ્યા વગર રહેતી નથી. એ ઉપરથી આપણે જોઈ શકીએ છીએ કે સંતો પોતે મુંગે મોઢે પણ જનતાની સેવા પોતાની નિર્મળ વિચારધારા અને ધ્યાનધારણાથી કરી શકે છે. શતશઃ નમન હો એવા યોગી સંત મહાત્માઓના ચરણમાં !



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" अवगाहना। कः कस्यां शरीरावगाहनायां वर्तमानः सिध्यति ? अवगाहना द्विविधा उत्कृष्टा जघन्या च। उत्कृष्टा पञ्च धनुःशतानि धनुःपृथक्त्वेनाभ्यधिकानि। जघन्याः सप्त रत्नयोऽङ्गुलपृथकत्वहीनाः एतासु शरीरावगाहनासु सिध्यति पूर्वभावप्रज्ञापनीयस्य। प्रत्युत्पन्नभाव प्रज्ञापनीयस्य तु एतास्वेव यथास्वं त्रिभागहीनासु सिध्यति।"[४]

આનો અર્થ એ છે કે કયો જીવ શરીરની કેટલી [૫]અવગાહનામાં રહીને સિદ્ધ બને છે? અવગાહના ઉત્કૃષ્ટ અને જઘન્ય એમ બે પ્રકારની છે.[૬] ઉત્કૃષ્ટ અવગાહના પાંચસો ધનુષ્ય ઉપરાંત ધનુષ્ય--પૃથકત્વ એટલે કે બે થી નવ ધનુષ્ય જેટલી વધારે છે. જઘન્ય અવગાહના સાત રત્નિ અર્થાત્ સાત હાથી કરતાં અંગુલ--પૃથકત્વ જેટલી એટલે કે બે આંગળીથી નવ આંગળ જેટલી ઓછી છે. શરીરની આ અવગાહનાઓમાંની કોઈ પણ અવગાહનામાં રહેલો જીવ સિદ્ધ થાય છે એમ 'પૂર્વભાવપ્રજ્ઞાપનીય' નયની અપેક્ષાએ સમજવું, જ્યારે 'પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીય' નયની અપેક્ષા અનુસાર તો આ જ અવગાહનાઓમાંથી યથાયોગ્ય કોઈ પણ અવગાહનાના ત્રીજા ભાગ જેટલી ઓછી અવગાહનામાં સિદ્ધ રહે છે.

નયના બે પ્રકાર છે: (૧) પૂર્વભાવપ્રજ્ઞાપનીય અને (૨) પ્રત્યુપન્નભાવપ્રજ્ઞાપનીય. પ્રથમ પ્રકારનો નય પૂર્વની–પહેલાની–અતીત સ્થિતિનો વિચાર કરે છે. આમ એ ભૂત દૃષ્ટિ છે, જ્યારે દ્વિતીય પ્રકારનો નય ચાલુ–વર્તતી--વર્તમાન સ્થિતિને લક્ષ્યમાં રાખે છે. આમ એ વર્તમાન દૃષ્ટિ છે. નૈગમ, સંગ્રહ અને વ્યવહાર એ નયો સર્વકાળના પદાર્થોને ગ્રહણ કરતા હોવાથી એ નયો 'પૂર્વભાવપ્રજ્ઞાપનીય' કહેવાય છે, જ્યારે ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એ ચાર નયો વર્તમાનકાળના પદાર્થોને ગ્રહણ કરતા હોવાથી 'પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીય' કહેવાય છે.[૧]

૪. જુઓ સિદ્ધસેનગણી કૃત ટીકા સહિત મેં સંપાદિત કરેલી આવૃત્તિ (ભા. ૨, પૃ. ૩૧૦),

૫. શરીર જેટલા આકાશ પ્રદેશને રોકે એટલી એની શરીરની અવગાહના કહેવાય છે.

૬. આમ-કહેવાનું કારણ એ છે કે વચગાળાની–મધ્ય અવગાહનાના અનેક પ્રકારોનો આ બે પ્રકારમાં સમાવેશ થઈ જાય છે.

અવગાહના એટલે ઘેરાવો. સંસારી જીવની અવગાહના શરીરના પ્રમાણ અનુસાર જ હોય છે, કેમકે જૈન મંતવ્ય મુજબ દરેક સંસારી જીવનું પરિમાણ એના દેહ જેટલું જ છે.–દેહની બહાર જીવ નથી. કેવલિ–સમુદ્ઘાત કરનાર કેવલજ્ઞાનીની વાત જુદી છે.

ભાષ્ય (પૃ. ૩૧૪)માં અવગાહનાને અંગે નીચે પ્રમાણે ઉલ્લેખ છે —

" अवगाहना। सर्वस्तोका जघन्यावगाहनासिद्धाः। उत्कृष्टावगाहनासिद्धास्ततोऽसङ्ख्येयगुणाः। यवमध्यसिद्धा असङ्ख्येयगुणाः, यवमध्योपरिसिद्धा असङ्ख्येयगुणाः, यवमध्यादधस्तात् सिद्धा विशेषाधिकाः, सर्वे विशेषाधिकाः।"

આનો ભાવાર્થ એ છે કે શરીરની જઘન્ય અવગાહના દ્વારા સિદ્ધ થયેલા જીવોની સંખ્યા અન્ય સર્વ પ્રકારની અવગાહના દ્વારા સિદ્ધ થયેલા જીવો કરતાં ઓછી છે. એમના કરતાં શરીરની ઉત્કૃષ્ટ અવગાહના દ્વારા સિદ્ધ થયેલા જીવોની સંખ્યા અસંખ્યાત ગણી છે. યવની રચનાના મધ્યમાં જણાતી અવગાહના દ્વારા સિદ્ધ થયેલા જીવોની સંખ્યા તો એમના કરતાં પણ અસંખ્યાત ગણી છે. વળી યવના મધ્યના ઉપરના ભાગમાં જણાતી અવગાહના દ્વારા સિદ્ધ થયેલાની સંખ્યા એમનાથી પણ અસંખ્યાત ગણી છે. યવના મધ્યની નીચેના ભાગમાં જણાતી અવગાહના દ્વારા સિદ્ધ થયેલા જીવોની સંખ્યા એ કરતાં

૧. જુઓ ત૦ સૂ૦ની સિદ્ધસેનગણિ કૃત ટીકા (ભા. ૨, પૃ. ૩૦૫).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કંઈક વધારે છે. સર્વ પ્રમાણોમાં કંઈક અધિકતા સમજવી જોઈએ.[1]

ત૦ સૂ૦ના ભાષ્યના ઉપર્યુક્ત બે કંડિકાના સ્પષ્ટીકરણરૂપે સિદ્ધસેન ગણિએ એમની પોતાની ભાષ્યાનુસારિણી ટીકામાં જે કહ્યું છે તે હું ક્રમવાર નોંધું છું:—

" अवगाहनेति । आत्मनः शरीरेऽवगाहः–अनुप्रवेशः । सङ्कोच विकास धर्मत्वादात्मनस्तच्छरीरं किं प्रमाणमिति चिन्त्यतेऽवगाहना चरमशरीरे । साऽवगाहना द्विधा–उत्कृष्टा जघन्या च । तत्रोत्कृष्टा पञ्च धनु शतानि धनु पृथकत्वेनाभ्यधिकानि । द्विप्रभृत्या नवभ्य पृथकत्वसञ्ज्ञा च । एतच्चोत्कृष्टं देहमानं मरुदेवीप्रभृतीमां सम्भवति । तीर्थकराणां पञ्च धनुःशतान्युत्कृष्टा जघन्या च सप्तहस्तानां तीर्थकराणामेव । अङ्गुलपृथकत्वोना सामान्येन तु जघन्या द्विहस्तानां वामनकूर्मसुतादीनामिति । तत्र पूर्वभावप्रज्ञापनीयस्य एतास्वेवावगाहनासु सिध्यति । प्रत्युत्पन्नभावप्रज्ञापनीये तु एतास्वेवावगाहनासु यथास्वं पञ्च धनुःशतादिकासु त्रिभागहीनासु सिध्यतीति । "

—પૃ. ૩૧૦-૩૧૧

अवगाहनेति अत्र उत्कृष्टावगाहनासिद्धा असङ्ख्येयगुणाः । द्वावसङ्ख्येयगुणौ द्वौ विशेषाधिकाविति । "—પૃ. ૩૧૪

હવે આપણે દિગંબરીય સાધનો તપાસીશું. એમાં સર્વાર્થસિદ્ધિ મોખરે છે. એ ટીકા ભાષ્ય કરતાં અર્વાચીન છે અને એમાં ભાષ્યનો ઉપયોગ કરાયો છે. એ સર્વાર્થસિદ્ધિ (પૃ. ૨૭૭)[2] માંનું પ્રસ્તુત નિરૂપણ નીચે પ્રમાણે છે:—

" आत्मप्रदेशव्यापित्वमवगाहनम् । तत् द्विविधम् । उत्कृष्टजघन्यभेदात् । तत्रोत्कृष्टं पञ्चधनुःशतानि पञ्चविंशत्युत्तराणि । जघन्यमर्धचतुर्था रत्नयो देशोना । मध्ये विकल्पः एकस्मिन्नवगाहे सिध्यति । "

આની મતલબ એ છે કે આત્માના પ્રદેશોની વ્યાપકતા તે 'અવગાહન' છે એ ઉત્કૃષ્ટ અને જઘન્ય એવા ભેદને લઈને બે પ્રકારનું છે. તેમાં ઉત્કૃષ્ટ અવગાહન ૫૨૫ ધનુષ્યનું છે, જ્યારે જઘન્ય અવગાહન સાડા ત્રણ રત્નિમાં કંઈક ઓછું છે. મધ્યમાં વિકલ્પ છે એક અવગાહનમાં સિદ્ધ થાય છે.

આ સંબંધમાં અકલંકે સર્વાર્થસિદ્ધિ દ્વારા પુષ્ટ કરેલા અને અનેકાંતવાદથી ઓતપ્રોત કરેલા પોતાના તત્ત્વાર્થરાજવાર્તિક અને એના સ્વોપજ્ઞ વિવરણ (પૃ. ૩૬૬)માં અનુક્રમે નીચે મુજબના ઉલ્લેખ કર્યા છે:—

" अवगाहनं द्विविधम्, उत्कृष्टजघन्यभेदात् । "

" आत्मप्रदेशव्यापित्वमवगाहनं द्विविधं उत्कृष्टं जघन्यं चेति । तत्रोत्कृष्टं पञ्च धनुःशतानि पञ्चविंशत्युत्तराणि । जघन्यमर्धचतुर्था रत्नयः देशोनाः । मध्ये विकल्पा एतस्मिन्नवगाहे सिद्ध्यन्ति पूर्वभावप्रज्ञापननयापेक्षा । प्रत्युत्पन्नभावप्रज्ञापनेन तु एतस्मिन्नेव देशोने । "

આમ અહીં સર્વાર્થસિદ્ધિનું કથન રજૂ કરી એ કથન 'પૂર્વભાવપ્રજ્ઞાપન' નયની અપેક્ષાએ હોવાનું કહ્યું છે. વિશેષતા એ છે કે 'પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપન' નય પ્રમાણે અવગાહન કંઈક ઓછું હોય છે એ વાતનો અહીં નિર્દેશ કરાયો છે કે જે બાબત

૧. જુઓ સભાસ્ય તત્ત્વાર્થાધિગમસૂત્રનો પં. ખૂબચંદ્ર કૃત હિન્દી અનુવાદ. આ અનુવાદ ત૦ સૂ૦ અને એના ભાષ્ય સહિત "પરમ શ્રુત પ્રભાવક જૈન મંડળ" તરફથી મુંબઈથી ઈ. સ. ૧૯૩૨ માં દ્વિતીય સંસ્કરણરૂપે પ્રસિદ્ધ કરાયો છે.

૨. આ પૃષ્ટાંક શક સંવત્ ૧૮૩૯ માં કલ્લાપ્પા ભરમાપ્પા નિટવેએ પોતાના મુદ્રણાલયમાં છાપેલા બીજા સંસ્કરણનો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વાર્થસિદ્ધિમાં દર્શાવાઇ નથી. અહીં જે "કંઇક ઓછું" એમ જે કહેવાયું છે તે શું ઉત્તરજઝયણ વગેરે શ્વેતાંબર ગ્રંથોની જેમ ત્રીજે ભાગે ઓછું સમજવું કે કેમ તે જાણવું બાકી રહે છે. વળી મે "કંઇક ઓછું" શા માટે થાય છે તેનો પણ ખુલાસો અકલંકે આપ્યો નથી. અન્ય કોઈ દિગંબર ગ્રંથમાં છે ખરો ?

તત્ત્વાર્થશ્લોકવાર્તિક ( પૃ ૫૧૧ )માં અવગાહનને અંગે નીચે પ્રમાણે ઉલ્લેખ છે:—

" अवगाहनमुत्कृष्टं सपादशतपञ्चकम् ॥ १३ ॥
चापानामर्धसंयुक्तमरत्नित्रयमप्यथ ।
मध्यमं बहुधा सिद्धित्रिप्रकारेऽवगाहने ॥ १४ ॥"

આનો અર્થ એ છે કે ઉત્કૃષ્ટ અવગાહન ૫૨૫ ધનુષ્ય જેટલું છે; જઘન્ય સાડા ત્રણ રત્નિનું છે.

મધ્યમ અવગાહન અનેક પ્રકારનું છે. ત્રણ પ્રકારની અવગાહન દ્વારા સિદ્ધિ (મોક્ષ) મળે છે.

શ્રુતસાગરની તત્ત્વાર્થવૃત્તિ (પૃ. ૩૨૪–૩૨૫)માં નીચે પ્રમાણે ઉલ્લેખ છે: —

" अथ केनावगाहनेन निर्वृत्तिर्भवतीति प्रश्ने तदुच्यते-जीवप्रदेशव्यापित्वं तावदवगाहनमुच्यते। तदवगाहनं द्विप्रकारम्, उत्कृष्टावगाहनं जघन्यावगाहनं चेति। तत्रोत्कृष्टमवगाहनं सपादानि पञ्चधनुःशतानि। जघन्यावगाहनमर्धचतुर्था रत्नयः। यः किल षोडशे वर्षे सप्तहस्त परिणामशरीरो भविष्यति स गर्भाष्टमे वर्षे अर्धचतुर्थारत्निप्रमाणो भवति, तस्य च मुक्तिर्भवति। मध्ये नानाभेदावगाहनेन सिद्धिर्भवति।"

આનો અર્થ એ છે કે કઇ અવગાહના દ્વારા નિર્વાણ થાય છે એવો પ્રશ્ન થતાં એ કહેવાય છે: જીવના પ્રદેશોની વ્યાપકતા તે 'અવગાહન' છે એ અવગાહન બે પ્રકારનું છે: (૧) ઉત્કૃષ્ટ અને (૨) જઘન્ય. તેમાં ઉત્કૃષ્ટ અવગાહન પાંચ સો પચ્ચીસ ધનુષ્યનું છે. જઘન્ય અવગાહન સાડા ત્રણ રત્નિનું છે. જે જીવ સોળમે વર્ષે સાત હાથ ઊંચા શરીરવાળો થાય છે એ જીવ ગર્ભથી આઠમે વર્ષે સાડા ત્રણ રત્નિ જેવડો હોય છે અને એની મુક્તિ થાય છે. મધ્ય અવગાહન અનેક પ્રકારનું છે. એ અવગાહનવાળા જીવની મુક્તિ થાય છે.

આ સમગ્ર લખાણ ઉપરથી નીચે મુજબની તારવણી હું રજૂ કરું છું:—

(૧) સંસારી જીવ શરીર વ્યાપી છે અને સિદ્ધ થનાર જીવ દેહ છો ને લોકના અગ્ર ભાગે જઇ વસે છે એમ જૈન દર્શનનું માનવું છે.

(૨) અવગાહનાનો વિચાર સિદ્ધ થતા પહેલાની અવસ્થાને–દેહના ઘેરાવાને આશ્રીને તેમ જ સિદ્ધ થતાં આત્મપ્રદેશ જેટલા આકાશ–પ્રદેશ રોકે એ દૃષ્ટિએ એમ બે રીતે કરાય છે.

(૩) ઉત્તરજઝયણમાં અવગાહનાના ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય એમ ત્રણ પ્રકારો દર્શાવાયા છે, જ્યારે ત૦ સૂ૦ વગેરેમાં ઉત્કૃષ્ટ અને જઘન્ય એમ બે જ પ્રકાર જણાવાયા છે. આથી કોઇ વિરોધ ઉદ્‌ભવતો નથી, કેમ કે મધ્ય અવગાહનાનો અંતર્ભાવ ઉત્કૃષ્ટ અને જઘન્ય અવગાહનામાં વ્યક્ત થઈ જ જાય છે.

(૪) સિદ્ધ થતા જીવની–ચરમ શરીરીની ઉત્કૃષ્ટ અવગાહના ત૦ સૂ૦ ના ભાષ્ય અનુસાર ૫૦૨ થી ૫૦૯ ધનુષ્ય સુધીની છે, જ્યારે સર્વાર્થસિદ્ધિ પ્રમાણે એ તેમ જ સિદ્ધની ઉત્કૃષ્ટ અવગાહના પણ ૫૨૫ ધનુષ્યની છે.

(૫) સિદ્ધ પરમાત્માની અવગાહના કેટલી ઓછી થાય છે એ વાત શ્વેતાંબરીય ગ્રંથોમાં છે, જ્યારે દિગંબરીય ગ્રંથોમાં એ વિષે બાંધેભારે ઉલ્લેખ છે.

(૬) મરુદેવી અને કૂર્માપુત્ર વિષેની અવગાહનાને અંગે શ્વેતાંબરીય ગ્રંથોમાં જેવો ઉલ્લેખ છે તેવો ઉલ્લેખ દિગંબરોના કોઈ ગ્રંથમાં છે ખરો ?

(૭) સોળમે વર્ષે સાત હાથના શરીરવાળો માનવી ગર્ભાષ્ટમ વર્ષમાં સાડા ત્રણ હાથનો હોય એવું કથન શ્વેતાંબરીય ગ્રંથમાં છે ખરું ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જિન દર્શનની તૃષા

લેખક : ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા એમ. બી. બી, એસ.

## 'ધીઠાઇ કરી મારગ સંચરૂં': ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ ને સામર્થ્યયોગ

માટે હે ભગવન્! હું તો ગમે તેટલા વિઘ્નોની પરવાહ કર્યા વિના ધીઠાઈ કરી-ધૃષ્ટતા કરી તારા પરમાત્મ દર્શનના માર્ગે સંચરૂં છું,–'ધીઠાઈ કરી મારગ સંચરૂં', ભલભલા મહાજનો પણ જે માર્ગે જવાની હામ ભીડતા નથી ત્યાં સંચરવાની ધૃષ્ટતા કરૂં છું, प्रीत्यात्मवीर्य–मविचार्य–તારા દર્શન પ્રત્યેની પરમ પ્રીતિથી સ્વશકિત વિચાર્યા વિના હુડબડાઇ કરી સાહસ આદરૂં છું. ખરેખર! તારા દર્શનનો માર્ગ–સાક્ષાત્ પરમાત્મદર્શનનો માર્ગ તો અતિ અતિ વિકટ, અતિ અતિ દુર્ઘટ ને અતિ અતિ દુર્ગમ છે; સામર્થ્યયોગરૂપ શુદ્ધાત્માનુભવદશાથી જ ત્યાં ગમન થઇ શકે છે. ઇચ્છાયોગ–શાસ્ત્રયોગની ભૂમિકા વટાવી જઈ સામર્થ્યયોગની ભૂમિકા પામી 'અપૂર્વકરણ'રૂપ અપૂર્વ આત્મપુરુષાર્થ સામર્થ્ય સ્ફુરાવે તે જ તે માર્ગે ગમન કરવા સમર્થ થાય છે. આ માર્ગ તો 'મૃગ્' ધાતુના 'શોધવું'-('અન્વેષવું') અર્થ પ્રમાણે આત્માએ પોતે જ અપ્રમત્તગુણસ્થાનરૂપ શુદ્ધોપયોગ દશા પામી પોતાના જ શુદ્ધાત્માનુભૂતિરૂપ આત્મ-સામર્થ્યથી જ–સામર્થ્યયોગથી જ શોધી લેવાનો છે. શાસ્ત્રમાં આ ×સામર્થ્યયોગનો ઉપાય બતાવ્યો તો છે પણ તે માત્ર સામાન્યપણે બતાવ્યો છે-વિશેષપણે નહિ.

× "शास्त्रसंदर्शितोपायस्तदतिक्रान्तगोचरः ।
शक्त्युद्रेकाद्विशेषेण सामर्थ्याख्योऽयमुत्तमः ॥"

—પરમર્ષિ હરિભદ્રાચાર્ય કૃત
યોગદૃષ્ટિસમુચ્ચય, શ્લોક ૫.

ઉપર વિવેચનમાં આ સામર્થ્યયોગના વિષયને લગતો પ્રકૃતોપયોગી થોડો અંશ **શ્રી યોગદૃષ્ટિસમુચ્ચયના** મત્કૃત વિવેચનમાંથી સંયોજ્યો છે.

## શાસ્ત્રનું દિગ્દર્શન: આત્મસામર્થ્યથી પ્રગતિ

કારણ કે શાસ્ત્ર તો અમુક હદ સુધી-સામાન્ય-પણે માર્ગ બતાવે છે કે–'આ ફલાણી દિશાએ ચાલ્યા જાઓ'. પછી વિશેષપણે તો **સામર્થ્યયોગીએ** પોતાના આત્મસામર્થ્યથી જ માર્ગનું સ્વરૂપ જાણી આગળ વધવાનું રહે છે. અને એવા પ્રકારે આગળ વધવાનું સામર્થ્ય–સમર્થપણું આ યોગીમાં આવી ગયું હોય છે; યોગ–ગગનમાં મુકતપણે વિહરનાસ આ વિહંગમાં એટલું બધું આત્મબલ વૃદ્ધિ પામ્યું હોય છે, કે તે પોતાની મેળે જ યથેચ્છ ઊંચે ઊડ-વાને સમર્થ થાય છે. એટલે તે સડસડાટ યોગમાર્ગે ચાલ્યો જાય છે; અને તે જેમ જેમ વિશેષે કરીને આગળ જતો જાય છે, તેમ તેમ પોતાની મેળે જ તેને આગળનો માર્ગ પ્રત્યક્ષ દેખાતો જાય છે; જે માર્ગ લાંબેથી બરાબર ન્હોતો દેખાતો તે નિકટ આવતાં સાવ સ્પષ્ટ દેખાવા માંડે છે, અને જે માર્ગ પ્રત્યક્ષ આત્માનુભવગમ્યપણે ચોખ્ખે ચોખ્ખો દેખાતો હોય, તેમાં પછી આત્મસામર્થ્ય સિવાય બીજી શી સહાયની તેને અપેક્ષા રહે? આમ આવા **સમર્થ-યોગીને** પ્રત્યક્ષ સાચો માર્ગ મળી ગયો છે ને સંદેહ છૂટી ગયો છે, એટલે તે નિર્ભયપણે–નિઃશંક-પણે–દૃઢનિશ્ચયપણે, પોતાના જંઘાબલથી જ–પોતાના આત્મબલથી જ, યોગપર્વતની એક પછી એક ભૂમિકાઓ કૂદાવતો જાય છે, ને એમ ચઢતો ચઢતો છેવટે યોગ-ગિરિના શૃંગ પર પહોંચી જાય છે, અને તેના અંતરાત્મામાં તેવા તેવા અનુભવોદ્ગારરૂપ ધ્વનિ* ઊઠે છે.

* જેમ કે—
"મારગ સાચા મિલ ગયા, છૂટ ગયે સંદેહ;
હોતા સો તો જલ ગયા, ભિન્ન કિયા નિજ દેહ."
—શ્રીમદ્ રાજચંદ્રજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## આત્મસંયમથી શક્તિ સંચય: સામર્થ્યયોગનો શક્તિ ઉદ્રેક

આવા આ સામર્થ્યયોગીમાં આમ આત્મબલથી જ આગળ વધવાનું સામર્થ્ય હોય છે, તેનું કારણ આત્મશક્તિનો ઉદ્રેક–પ્રબલપણું છે. તેનામાં એટલી બધી આત્મશક્તિ આવી ગઇ હોય છે કે તે ઉભરાઇ જાય છે. અને આ ઉભરાઈ જતી શક્તિનું મૂળ કારણ પણ તેની અત્યાર સુધીની આદર્શ શાસ્ત્રોક્ત રીતિ પ્રમાણેની યોગસાધના છે. આત્મસંયમના યોગે અત્યંત શક્તિસંચય કર્યો છે–શક્તિ જમા કરી છે તે છે. કારણ કે આ સામર્થ્યયોગની ભૂમિકાએ પહોંચતાં પહેલાં પ્રથમ તો તે સાચો **ઇચ્છાયોગી** થયો હતો. ઇચ્છા–શ્રવણાદિ પ્રાપ્ત થયા, સમ્યગ્દર્શન થયું, આત્મજ્ઞાન ઉપજ્યું, પણ તથારૂપ ચારિત્રમાં–સંયમમાં હજુ તેનો પ્રમાદ હતો, તે પ્રમત્તયોગી હતો. પછી તે **શાસ્ત્રયોગી** બન્યો, શાસ્ત્રના સંપૂર્ણ રહસ્યનો જ્ઞાતા થયો, અત્યંત શ્રદ્ધાળુ ને અપ્રમાદી થયો, અપ્રમત્ત સંયતયોગી થઇ ગયો. આમ તે ઉત્તરોત્તર સંયમની વૃદ્ધિ કરતો ગયો. મન–વચન–કાયાના પ્રમત્ત યોગથી આત્માની વેડફાઇ જતી–ચારેકોર વેરણછેરણ થતી શક્તિને તેણે અટકાવી; અને જેમ બને તેમ આત્મસ્વરૂપમાં આત્માનું સંયમન કરી, આત્માને સંયમી રાખી–રોકી રાખી, તેણે આત્મવીર્યની અત્યંત જમાવટ કરી. અને હમણાં પણ આ સામર્થ્યયોગમાં યોગમાર્ગે પ્રયાણ કરતો તે તીક્ષ્ણ આત્મોપયોગવંત રહી, સમયે સમયે અનંતા સંયમ વર્ધમાન કરતો જઈ, આત્મવીર્યની ઉગ્ર જમાવટ કરી રહ્યો છે. આમ તેનો શક્તિઉદ્રેક ઉપજ્યો છે, અને અંગમાં નહિં સમાતી તે શક્તિ જ તેને આગળ વધવાને પ્રેરે છે.

## અનુભવ મિત્રનું અવલંબન:

આમ શાસ્ત્રનું વ્યર્થપણું પણ નથી તેમ જ સર્વથા સમર્થપણું પણ નથી, અમુક મર્યાદા સુધી તેનું દિગ્દર્શન છે, તેથી આગળ તો આત્મસામર્થ્ય-રૂપ સામર્થ્યયોગથી વધવાનું છે, એ તાત્પર્ય છે. શાસ્ત્રમર્યાદા જ્યાં પૂરી થાય છે, ત્યાં સામર્થ્યયોગ શરૂ થાય છે. કારણ કે શાસ્ત્ર તો દિશાદર્શનથી× આગળ ડગલું ય ચાલતું નથી,–'ભાઇ ! અમુક દિશાએ અમુક રીતે ચાલ્યા જાઓ,' એટલી જ દિશા સામાન્ય-પણે આ સમર્થ યોગીને સૂઝાડીને શાસ્ત્ર અટકી જાય છે, વચન-અગોચર વાત તે કહી શકતું નથી. એટલે પછી તો આ સમર્થ યોગીને સામર્થ્યયોગનું–આત્માનુભવરૂપ જ્ઞાનયોગનું જ અવલંબન રહે છે, અને તે યોગ જ તેને ઠેઠ કૈવલ્યપદ સુધી પહોંચાડે છે: તે અનુભવ મિત્ર જ તેને સહજ આત્મસ્વરૂપ, શુદ્ધ ચૈતન્યસ્વામી બનાવે છે.

" દિશિ દેખાડી રે શાસ્ત્ર સવિ રહે,
 ન લહે અગોચર વાત;
કારજ સાધક બાધક રહિત જે,
 અનુભવ મિત્ત વિખ્યાત.
 ...વીર જિનેશ્વર પરમેશ્વર જયો૦
અહો ચતુરાઇ રે અનુભવ મિત્તની,
 અહો તસ પ્રીત પ્રતીત;
અંતરજામી સ્વામી સમીપ તે,
 રાખી મિત્ર શું રીત...વીર૦
અનુભવ સંગે રે રંગે પ્રભુ મળ્યા,
 સફળ ફળ્યાં સવિ કાજ;
નિજ પદ સંપદ જે તે અનુભવે રે,
 આનંદઘન મહારાજ...વીર૦"

**–શ્રી આનંદઘનજી**

( ચાલુ )

× " दिशा दर्शितथा शास्त्रैर्गच्छन्नच्छमतिः पथि ।
ज्ञानयोगं प्रयुञ्जीत तद्विशेषोपलब्धये ॥
पदमात्रं हि नान्वेति शास्त्रं दिग्दर्शनोत्तरम् ।
ज्ञानयोगो मुनेः पार्श्वमाकैवल्यं न मुंचति ॥ "

**–શ્રી યશોવિજયજી** કૃત **અધ્યાત્મોપનિષદ્**

" અનુભવ ગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. "

" શાસ્ત્રાદિકના જ્ઞાનથી નીવેડો નથી, પણ અનુભવ-જ્ઞાનથી નીવેડો છે. "—**શ્રીમદ્ રાજચંદ્રજી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : ભાવનગર

## સંવત ૨૦૧૪ થી ૨૦૧૬ સુધીનું સરવૈયું

### સંવત ૨૦૧૪

**જ**

| | |
|---|---|
| ૩૮૮૪)≈॥ | શ્રી સભા ખાતે |
| ૪૯૯૧૪। | શ્રી લાઇફ મેમ્બર ખાતે |
| ૩)०। | શ્રી ટીકીટના સેલ ખાતે |
| ૧૨૫૦૯)०॥ | શ્રી જીવદયા ખાતે |
| ૪૪૧૫॥≈ | શ્રાવણ સુદી ૩ વરસગાંઠ |
| ૩૨૨૭।≈ | ત્રિભોવન ભાણજી કન્યાશાળા |
| ૯૫૩॥ | બેન મોંઘી લગ્ન સ્મારક |
| ૫૦૧॥≈ | શ્રી માછલાની જાળ |
| ૫૦૦) | કા. શુદી ૬ ચા ટીફીન |
| ૨૭૬॥ | કારતક શુદી ૨ પ્રભાવના ફંડ |
| ૪૦૦) | કુંવરજીભાઇ પૂજા તીથી ફંડ |
| ૭૧૯॥=॥ | બેન લીલાવતી ફીકાભાઇ |
| ૧૦૪॥ | ગીરધરલાલ દેવચંદ |
| ૧૨૪॥= | ચુનીલાલ દુલભજી |
| ૧૦૩૪॥= | અમરચંદ ઘેલાભાઇ |
| ૨૩૪।= | અઠ્ઠમાતી તપસ્યા પ્રભાવના |
| ૫૫૭॥= | શ્રી શ્રાવક શ્રાવિકા સમુદાય |
| ૮૭॥≈ | સાધ્વીજી લાભશ્રીજી |
| ૫૪૭॥० | શ્રી પારેવાની જુવાર |
| ૨૭)= | ડૉ. ભગવાનદાસ મનસુખલાલ |
| ૭)– | સાધ્વીશ્રી ઉત્તમશ્રીજી |
| ૨૬૮०।≈॥ | શ્રી પુસ્તકોના વધારાના |
| ૧૨૩) | શ્રી લાઇબ્રેરી ડીપોઝીટ |
| ૨૯।–॥ | મેમ્બરોને દેવા |
| ૨॥=॥ | સરવૈયા ફેર |
| ૮૨૮૬૭॥≡ | |

**ઉ**

| | |
|---|---|
| ૨૩૫।– | શ્રી સભાસદની ફી |
| ૧૧૮૪૯)०। | શ્રી લાયબ્રેરી ખાતે |
| ૩૩૯૬॥०॥ | શ્રી વેચવાના પુસ્તકો ખાતે |
| ૭૮૨૨।–। | શ્રી જૈન ધર્મ પ્રકાશ |
| ૭૫૮૧)=॥ | ધી સ્ટેટ બેંક ઓફ સૌ. |
| ૨૫૭૬૯)≈॥ | શ્રી સભાના મકાન ખાતે |
| ૨૨૯૧)≈॥ | કુંવરજીભાઇ સ્મારક ફંડ |
| ૧૦) | શ્રી ઇલેકટ્રીક એડવાન્સ |
| ૮૩૧) | શ્રી સભાના ભાડુતો પાસે |
| ૯૬૦)०॥ | શ્રી બુકસેલરો પાસે લેણા |
| ૧૨૦૦૦) | ધી માસ્ટર સીલ્ક મીલ્સ |
| ૮૮૦૪।–। | શ્રી સભાના પુસ્તકો |
| ૧૧૬॥– | શ્રી વાર્ષીક મેમ્બરો પાસે |
| ૮૧૬૬૬॥≈॥ | |
| ૧૨००॥=॥ | શ્રી પુરાંત છે |
| ૮૨૮૬૭॥≡ | |

### સંવત ૨૦૧૫

**જ**

| | |
|---|---|
| ૩૯૬૨।–॥ | શ્રી સભા ખાતે |
| ૪૯૯૬૫। | શ્રી લાઇફ મેમ્બર ફી ખાતે |
| ૧૨૯૬૪)– | શ્રી જીવદયા ખાતે |
| ૪૫૫૨।– | શ્રાવણ સુદી ૩ વરસગાંઠ |
| ૩૩૪૮।≈ | ત્રિભોવનદાસ ભાણજી કન્યાશાળા |
| ૯૮૯। | બેન મોંઘી લગન સ્મારક |

**ઉ**

| | |
|---|---|
| ૩૬॥०॥ | શ્રી ટીકીટના મેળ ખાતે |
| ૫૯૭॥≈॥ | શ્રી સભાસદની ફી ખાતે |
| ૧૧૮૮૭)= | શ્રી લાઇબ્રેરી ખાતે |
| ૩૨૮૧)–॥ | શ્રી વેચવાના પુસ્તકો ખાતે |
| ૯૩૨૮।≈॥ | શ્રી જૈન ધર્મ પ્રકાશ |
| ૭૧૪૫॥= | સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર |

For Private And Personal Use Only

| | |
|---|---|
| ૫૨૦ાા | શ્રાવણ સુદી ૩ માછલાની જાળ |
| ૫૦૦) | કા. સુદી ૬ ચા ટીફીન |
| ૨૮૬ાાા= | કા. સુદી ૨ પ્રભાવના |
| ૪૦૦) | શ્રી કુંવરજીભાઈ પૂજ્ય તીથી ફંડ |
| ૭૧૯ાાા=ાાા | બેન લીલાવંતી કાકાભાઇ |
| ૧૦૪ાા | ગીરધરલાલ દેવચંદ |
| ૧૨૪ાાા=ા | ચુનીલાલ દુલભજી પારેખ |
| ૧૦૩૪ાાા= | અમરચંદ વેલાભાઈ |
| ૨૩૪ા=ા | શ્રી અઠ્ઠમાતી તપસ્યા પ્રભાવના |
| ૫૫૭ાાા=ા | શ્રી શ્રાવક શ્રાવીકા ખાતે |
| ૮૭ાા= | સાધ્વીજી લાભશ્રીજી |
| ૫૪૭ાાા૦ા | શ્રી પાગ્વાની જુવાર |
| ૭૪૪ા= | શ્રી પરચુરણ દેવા |
| ૭)- | સાધ્વીજી ઉત્તમશ્રીજી |
| ૨૧૮) | જૈન રામાયણ પુસ્તકો છપાવવા |
| ૪૦૦) | અંતરીક્ષજી પાર્શ્વનાથ પુસ્તક |
| ૨૭૦૨)=ાાા | શ્રી પુસ્તકોના જમા |
| ૧૨૩) | શ્રી લાઇબ્રેરી ડીપોઝીટ |
| ૮૧ાાા-ાા | મેમ્બરોના દેવા |
| ૨)-ાા | સરવૈયા ફેર |
| ૮૫૧૭૯ાાા-ા | |

| | |
|---|---|
| ૨૫૭૬૯)=ાા | શ્રી સભાના મકાન ખાતે |
| ૨૨૯૧)=ાા | શ્રી કુંવરજીભાઈ સ્મારક ખાતે |
| ૧૦) | શ્રી ઇલેક્ટ્રીક ડીપોઝીટ |
| ૮૫૬ાા= | શ્રી સભાના ભાડુતો પાસે |
| ૮૧૨)= | શ્રી બુકસેલરો પાસે લેણા |
| ૧૨૦૦૦) | ધી માસ્ટર સીલ્ક મીલ |
| ૬૧ા= | શ્રી નૂતન શત્રુંજયોદ્ધાર પેટે |
| ૧૦૫૭ા | ફાઉન કાગળ ખાતે |
| ૮૭૧૮ા૦ાાા | શ્રી સભાના પુસ્તકો ખાતે |
| ૩૮૦)- | વાર્ષિક મેમ્બરો પાસે |
| ૦ાા | વી.પી. ખાતે |
| ૮૪૨૩૪)૦ાા | |
| ૯૪૫ાાા૦ાાા | શ્રી પુરાંત છે |
| ૮૫૧૭૯ાાા-ા | |

## સંવત ૨૦૧૬

જ

| | |
|---|---|
| ૩૬૬૮)૦ાાા | શ્રી સભા જ્ઞાન ખાતે |
| ૫૬૯૯૧ાાા | શ્રી લાઇફ મેમ્બર ફી ખાતે |
| ૧૬૮૧૯ાા૦ાા | શ્રી જીવદયા ખાતે |
| ૫૦૦) | કા. સુદી ૬ ચા ટીફીન ખાતે |
| ૪૬૮૬ાા= | શ્રી સભાની વરસગાંઠ ખાતે |
| ૩૪૭૫ાાા૦ા | શેઠ ત્રિભોવનદાસ ભાણજી કન્યાશાળા |
| ૧૦૨૬ા-ાા | બેન મોંઘી લગ્ન સ્મારક ફંડ |
| ૫૪૦ા૦ાા | શ્રાવણ સુદી ૩ માછલાની જાળ |
| ૨૯૭ા= | કા. સુદી ૨ શ્રી પ્રભાવના ખાતે |
| ૪૦૦) | શ્રી કુંવરજી આણંદજી પો. શુદ ૧૧ સ્વર્ગવાસ તીથી ફંડ |

ઉ

| | | |
|---|---|---|
| ૧૧૬૨૦)૦ાાા | શ્રી બેંક ડીપોઝીટ | |
| ૧૫૪ાાા=ાાા | સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર સેવીંગ બુક નં. ૮૮૭૫૫ | |
| ૫૩૬૭ાા-ા | ,, | ૮૮૭૫૬ |
| ૩૦૦-ાાા | ,, | ૮૮૭૫૭ |
| ૧૩૯૭ા= | ,, | ૭૬૪૯૦ |
| ૪૪૦૦) | ધી યુનાઇટેડ કો. બેંક | |
| ૧૦) | ધી ભાવનગર ઇલેક્ટ્રીક કું | |
| ૧૨૦૦૦) | ધી માસ્ટર સીલ્ક મીલ્સ | |
| ૬૮૮૭)=ા | શ્રી લાઇબ્રેરી ખાતે | |

( અનુસંધાન ટાઇટલ પેજ ૨ જું )

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય-ભાવનગર